## ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ,

સેક્ટર–૧૦ બી, ગાંધીનગર

**બિન અનુદાનિત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળામાં ક્રમિક અને વધારાના વર્ગ શરૂ કરવા માટેની જાહેરાત**

જુન–૨૦૧૯ થી શરૂ થતાં શૈક્ષણિક વર્ષથી બોર્ડમાં નોંધાયેલી (રજિસ્ટર) બિન અનુદાનિત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાનાં હાલ ચાલુ વર્ગોના વધારાના વર્ગો શરૂ કરવા તથા હાલ શાળામાં ચાલુ ધોરણનો ઉપરનો ક્રમિકવર્ગ શરૂ કરવા માટે બોર્ડ દ્વારા તા.૨૦/૦૫/૨૦૧૯ થી તા.૩૧/૦૭/૨૦૧૯ સુધી On-line દરખાસ્ત મંગાવવામાં આવે છે.

દરખાસ્ત કરવા માટે બોર્ડની વેબસાઈટ www.gseb.org પર On-line Application Form તથા એફિડેવીટનો નમુનો તેમજ જરૂરી સુચનાઓ તા.૦૧/૦૫/૨૦૧૯ થી તા.૩૧/૦૭/૨૦૧૯ સુધી ઉપલબ્ધ રહેશે. Website પર દર્શાવેલ સુચનાઓનો કાળજી પૂર્વક અભ્યાસ કરીને જ Form ભરવાનું રહેશે. વિગતોમાં અસંગતતા જણાશે તો તે અરજી આપોઆપ રદ થવાને પાત્ર રહેશે. ક્રમિક/ વધારાના વર્ગો માટે અરજી કરવાનું સોફ્ટવેર તા.૨૦/૦૫/૨૦૧૯ થી ચાલુ કરવામાં આવશે. તે પછીજ અરજી કરી શકાશે.

On-line દરખાસ્તની નંબર સાથેની નકલ, નોટરાઈઝ કરેલું અસલ એફીડેવીટ, સુચનામાં જણાવ્યા અનુસારના તમામ પત્રકો અને વધારાના વર્ગ દીઠ ફી રૂા.૧૫,૦૦૦/–(પંદર હજાર)નો તેમજ હાલના ચાલુ ધોરણનો ઉપરનો ક્રમિક વર્ગની ફી રૂ.૧૨,૦૦૦/-(બાર હજાર)નું ચલણ નમુનામાં જણાવ્યા મુજબનું ભરી મોકલવાનું રહેશે અને online payment કરવાનું રહેશે. ઉપરોકત દસ્તાવેજ પત્ર સાથે બોર્ડની કચેરીને મળે તે રીતે રજૂ કરવાનો રહેશે.

તા.૦૬/૦૩/૨૦૧૯
સ્થળ : ગાંધીનગર

(જી.એસ.પટેલ)
સચિવ,
ગુજરાત માધ્યમિક અને
ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ,
ગાંધીનગર

D:\RAHUL\G-AKHBARI.doc